# મોડ્યુલ- GJ 8
# ‘શૈક્ષણિક મૂલ્યાંકન’

શિક્ષકનું નામ : ડાભી રાજેશ ધનજીભાઈ મો.નં.:- ૯૦૯૯૪૯૮૯૪
શાળાનું નામ : શ્રી સારંગવાડા પ્રાથમિક શાળા ता – અબડાસા જિ- કચ્છ

★ કોર્સની ઝાંખી :-
કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ પરિચય:-
☞ FLNમાં મૂલ્યાંકનની જરૂરિયાત અને મહત્વ:
પ્રૉ. રોમિલા સોની દ્વારા 04:02 મીનીટના વિડિયો દ્વારા બાળકની વ્યક્તિગત ક્ષમતા જાણવા, નિયમિત મૂલ્યાંકન દ્વારા યોગ્ય આયોજન બનાવવા અને શાળા શિક્ષણમાં ડ્રોપ આઉટ ઘટાડવામાં FLN આધારિત મૂલ્યાંકન મદદરૂપ થાય તે વિશે સમજ અપાઇ હતી.

☢ પ્રવૃત્તિ- 1: તમારા વિચારો જણાવો ☢

મૂલ્યાંકનનાં પ્રકારો વિશે મારા વિચારો આપેલ લીંક પર જણાવ્યા હતાં.

★ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનમાં મૂલ્યાંકન શું છે**?** :-
અનૌપચારિક મૂલ્યાંકન કરવાની વિવિધ રીતો વિશે સમજ મેળવી. શિક્ષણ માટેનું મૂલ્યાંકન તેમજ શિક્ષણ શાસ્ત્ર અને અવલોકન માટેના આયોજન વિશે સમજ મેળવી.

મૂલ્યાંકનનું આયોજન :
બાળકોનું સતત અનૌપચારિક મૂલ્યાંકન કઈ રીતે કરવું અને તેમાં માતાપિતાને કઈ રીતે સહભાગી બનાવવા તે અંગે 10:21 મીનીટના વિડિયો દ્વારા સમજ મેળવી હતી.

★ મૂલ્યાંકન માટે અધ્યયન વાતાવરણનું નિર્માણ કરવું :-
☞ FLNમાં બાળકોની રમત અને કાર્યનું અવલોકન :
મુદ્રણ જાગૃતિ અને ધ્વનિ જાગૃતિ દ્વારા અનૌપચારિક મૂલ્યાંકન કરવા વિશે 12:45 મીનીટના વિડિયો દ્વારા સમજ મેળવી હતી.

☢ વધારાની પ્રવૃત્તિ : અંવેષણ કરો ☢

વર્ગખંડ પુસ્તકાલય અને સાક્ષરતા ક્ષેત્ર, બ્લોક બિલ્ડિંગ,ગણિત અથવા હસ્તકૌશલ્ય સંલગ્ન ક્ષેત્ર જેવા શબ્દો વિશે અને તેના આધારે કઈ બાબતોનું અવલોકન કરવું તેના વિશે સમજ મેળવી હતી.

☢ પ્રવૃત્તિ- 2 : જાતે કરો ☢

FLN સંબંધિત you tube વિડિયો જોયા અને વ્યૂહરચનાઓની યાદી બનાવી.

☞ <u>અવલોકનની શક્તિ</u> :

અવલોકન એટલે બાળકોના કાર્ય, રમત, રજૂઆત, તેમના વર્તનની નોંધ લેવી, તેમના ચોક્કસ વર્તનને જાણવું અને નોંધવું. બાળકના મનોભાવોઅને સ્વભાવને ધ્યાનમાં રાખીને બાળક વિશે વિસ્તૃત રીતે 04:05 મીનીટના વિડિયો દ્વારા સમજ મેળવી હતી.

☢ <u>વધારાની પ્રવૃત્તિ : અંવેષણ કરો</u> ☢

અવલોકન નોંધોની ડાયરી નિભાવવી, ચેકલિસ્ટ, ક્રમ માપદંડ (રેટિંગ સ્કેલ), વિડિયો અથવા ઓડિયો રેકોર્ડિંગ, રુબિક્સ (માપદંડોની સમજૂતી), પોર્ટફોલિયો જેવા શબ્દો વિશે સમજ મેળવી હતી.

☞ <u>અવલોકનનો હેતુ</u> :

☢ <u>પ્રવૃત્તિ- 3 : તમારા વિચારો જણાવો</u> ☢

ભાષા સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની મૂલ્યાંકન વ્યૂહરચનાની યાદી આપેલ લીંક પર જઈને જણાવી હતી.

☞ <u>કાળજીપૂર્વકના અવલોકન સાથે બાળકોના શિક્ષણ અંગે માર્ગદર્શન આપવું</u> :

કાળજીપૂર્વકના અવલોકન દ્વારા શિક્ષક બાળકોની પ્રગતિ, મુશ્કેલીઓ, પોતાની શીખવવાની પધ્ધતિ વિશેજાણી શકે છે. સાથે બાળકોને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડતા જવું જે અંગેની વિડિયો દ્વારા સમજ મેળવી હતી.

☞ <u>શિક્ષણશાસ્ત્રની પ્રણાલીઓ સાથે અધ્યયન નિષ્પતિઓનું જોડાણ</u> :

બાળકોનું કાળજીપૂર્વક અવલોકન અને મૂલ્યાંકન દ્વારા શિક્ષણની પધ્ધતિ, યોજના, વ્યક્તિગત બાળક સાથેની આંતરક્રિયા દ્વારા શિક્ષણનું આયોજન સરળ રીતે થઈ શકે છે.

☢ <u>પ્રવૃત્તિ- 4 : તમારી સમજ ચકાસો</u> ☢

બાળકોની પ્રગતિ તેમજ શિક્ષકની પોતાની શીખવવાની વ્યૂહરચનાઓનું મુલ્યાંકન કરતી વખતે શું કરવું અને શું ન કરવું જોઇએ તે અંગે વિધાનો આપેલ હતા. તે અંગે મારા મંતવ્યો રજૂ કર્યા હતા.

★ **FLN**માં રમકડાં અને રમત આધારિત શિક્ષણશાસ્ત્રનું એકીકરણ :-

અવલોકન સરળ બને, વૈચારિક કૌશલ્ય વધારે, બાળકોને વિવેચનાત્મક અને સર્જનાત્મક રીતે વિચારવામાં, વાતચીત કરવામાં, વિકાસાત્મક રીતે યોગ્ય પુસ્તકોનો આનંદ માણવામાં અને અભિવ્યક્તિ કરવામાં,સમસ્યા ઉકેલમાં મદદ રૂપ થાય છે.

☢ <u>પ્રવૃત્તિ- 5 : જાતે કરી જૂઓ</u> ☢

પાયાના સંખ્યાજ્ઞાનને વધારવા અને પ્રોત્સાહન આપવા તેમજ પાયાની સાક્ષરતા વધારવા અને પ્રોત્સાહન આપવા માટે મારી વ્યૂહરચના વિશે આપેલ લીંક પરથી વિડિયો જોઇને માર્ગદર્શન મેળવીને લખ્યું હતું.

☞ <u>FLNમાં સમાવિષ્ટ મુલ્યાંકનનું આયોજન કેવી રીતે કરવું?</u> :

શિક્ષણની પ્રક્રિયાનો એક ભાગ બનાવી દેવા વિવિધ પ્રવૃત્તિમાં જોડી દેવું.

☞ <u>સર્વગ્રાહી પ્રગતિ પત્રક</u> :

બાળકના પ્રદર્શનનું સર્વાંગી વર્ણનના આધારે બાળકને કેવી રીતે સહાય રૂપ બનવું તે સમજવામાં મદદરૂપ બને છે. સ્વ- મૂલ્યાંકન,સહપાઠી મૂલ્યાંકન,બાળકોના શિક્ષણ અને વિકાસ બાબતે શિક્ષકનું મૂલ્યાંકન જેવા 3 ઘટકો વિશે સમજ મેળવી.

☢ <u>પ્રવૃત્તિ- 6 : તમારી સમજ ચકાસો</u> ☢

વિધાનો આપવામાં આવ્યાં હતા. જે સાચા છે કે ખોટાં તે જણાવી આપેલ વિધાનો અંગે સમજ મેળવી હતી.

★ બાળકોની **FLN** પ્રગતિમાં માતાપિતા અને પરિવારોની સામેલગીરી :-

જેમાં બાળકોને આનંદ આવે એવી પ્રવૃત્તિઓ આપવી, દબાણ ન કરવું, વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ કરવા જેવી બાબતોને ઉદાહરણ દ્વારા 07:07 મીનીટમાં સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત માતાપિતા / કુટુંબને FLN પ્રવૃત્તિઓનો એક હિસ્સો બનાવવા અંગેના કેટલાક વિચારો જાણ્યા હતાં.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

આપેલ વિષયના અનુસંધાને અસાઇન્મેંટ બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા શૈક્ષણિક મૂલ્યાંકન વિશે પુરતી સમજ મેળવી હતી.